**રે. દી. મુ. નં. ૧૨ / ૨૦૧૬**

**<u>આંક–૧ લગત હુકમ</u>**

હાલના કામે રેકર્ડ વંચાણે લેતા, સદર કામમાં તા. ૦૩/૦૭/૨૦૧૯ ના રોજ આંક–૩૬ થી ઈશ્યુ ફ્રેમ કરવામાં આવેલ છે તથા આંક–૪૮ થી વાદી નાનીબેન લવજીભાઈ પરમારનુ સરતપાસનું સોગંદનામુ રજૂ થયેલ છે જે અન્વયે પ્રતિવાદીનો ઉલટ તપાસ કરવાનો હકક બંધ કરેલ છે અને ત્યારબાદ વાદી તરફે વધુ પુરાવા સારૂ વાદી વતી આંક – ૬૧ અને ૬૨ થી મુદત અરજી રજૂ કર્યા બાદ છેલ્લા ઘણાં સમયથી સદર કામના વાદી જાતે કે તેઓના વતી કોઈ અત્રેની કોર્ટમાં હાજર થયેલ નથી કે કોઈ રીપોર્ટ રજુઆત કરેલ નથી તેમ છતાં સદરહું કામ ન્યાયના હિતમાં મુલત્વી રાખવા છતાં વાદી કે તેઓના વતી કોઈ હાજર રહેલ નથી કે કોઈ રીપોર્ટ રજુઆત કરેલ નથી અને આજરોજ પણ કોર્ટ સમય પુર્ણ થતા સુધી વારંવાર પોકાર કરવા છતાં વાદી કે તેઓના વતી કોઈ હાજર રહેલ નથી કે તે બાબતની કોઈ સુનાવણી પણ કરેલ નથી જયારે આ કામના પ્રતિવાદી નં. ૧/૩, ૧/૫, ૧/૭, ૧/૮ તથા ૨/૧ થી ૨/૫ ના વિ. વ. શ્રી હાજર રહેલ છે. આમ ઉપરોકત હકીકતે સદરહુ કામના વાદીને હાલનો દાવો આગળ ચલાવવામાં કોઈ રસ હોય તેમ જણાઈ આવતુ નથી ત્યારે ઉપરોકત હકીકતે કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેતા, વાદીની વારંવારની ગેરહાજરીના કારણ સબબ વાદીનો સદરહુ દાવો કાઢી નાખવાનો હુકમ ફરમાવુ છુ.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૮–૦૭–૨૦૨૨
ધંધુકા

**(એસ. એ. ટેલર)**
**પ્રિન્સીપાલ સિનીયર સિવીલ જજ**
**ધંધુકા**